ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

તાપમાન		મહત્તમ	લઘુતમ
	અંકલેશ્વર	૩૭.૦° સે.	૨૫.૦° સે.
	બારડોલી	૩૬.૦° સે.	૨૨.૦° સે.
	ભરૂચ	૩૭.૦° સે.	૨૪.૦° સે.
	વ્યારા	૩૬.૦° સે.	૨૨.૦° સે.

ખુશાલપુરા NTPC પ્રોજેક્ટ સામે હલ્લાબોલ

10થી વધુ ગામોના આદિવાસીઓમાં વિસ્થાપનનો ડર ફેલાતાં તંત્ર ચોંક્યું

આ વિસ્તારમાં આવો કોઈ પ્રોજેક્ટ આવવાનો નથી: કલેક્ટરે સ્પષ્ટતા કરવી પડી

વ્યારા: વ્યારાના ખુશાલપુરા ગામે પ્રસ્તાવિત NTPC પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ સામે આસપાસનાં 10થી વધુ ગામોના આદિવાસીઓમાં વિસ્થાપનનો ડર ફેલાતાં હજારો લોકોએ તાપી કલેક્ટર કચેરી બહાર વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનો અને સરપંચોએ પ્રોજેક્ટ રદ કરવા લેખિત બાંયધરીની માંગ કરી હતી.

લોકોના ભારે વિરોધ વચ્ચે તાપી કલેક્ટર દેવ ચૌધરીએ મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે, આ વિસ્તારમાં આવો કોઈ પ્રોજેક્ટ આવવાનો નથી અને પ્રજાએ જરા પણ ભયભીત થવાની જરૂર નથી.



તેમણે અફવાઓ ફેલાવનારાઓને ચેતવણી આપી હતી અને જણાવ્યું હતું કે, આગામી સાત દિવસમાં NTPC તરફથી લેખિત બાંયધરી મળ્યા બાદ તે જનતા સમક્ષ મૂકવામાં આવશે. કલેક્ટરના આશ્વાસનથી આ જન આંદોલનનો સુખદ અંત આવ્યો હતો.

કલેક્ટરના સ્ટેટમેન્ટ બાદ ક્યાંક ને ક્યાંક લોકોમાં સંતોષની લાગણી જોવા મળી હતી અને દિવાળી તેમના માટે શુકનવંતી પુરવાર થઈ એવું પણ કહી શકાય.

આ ગામના લોકો કરી રહ્યા છે વિરોધ

ખુશાલપુરા, ભાનાવાડી, લોટરવા, કહેર, કલમકુઈ, ધામોદલા, બેડકૂવા

અમે કલેક્ટરની વાતથી 90% જ સંતોષ છીએ: હિરેનભાઈ ચૌધરી

મીડિયા સમક્ષ નિવેદન આપતા કલમકુઈ ગામના સરપંચ હિરેનભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી તાપી કલેક્ટર અને એનટીપીસી પાવર પ્લાન્ટના અધિકારીઓ દ્વારા અમને લેખિતમાં એવું આપવામાં નહીં આવે કે હવે આ પ્રોજેક્ટ અહીં આવવાનો નથી કે અહીં આ પ્રકારનો કોઈ નુકસાનકારક પ્રોજેક્ટ આવવાનો નથી ત્યાં સુધી અમે સો ટકા સંતુષ્ટ નથી. હા, આજે કલેક્ટર દ્વારા જે મૌખિક બાંયધરી આપવામાં આવી અને મીડિયા સમક્ષ નિવેદન આપવામાં આવ્યું એનાથી અમે 90% સંતુષ્ટ છીએ. પરંતુ એ લોકો એમ કહે છે કે આ વાત ફક્ત અફવા હતી તો આટલા હજારો લોકો અહીં સુધી આવે એ વાતમાં દમ નથી. ત્યારે આવનાર દિવસમાં આ બાબતને લઈને તાપી કલેક્ટર અમને લેખિતમાં બાંયધરી આપશે ત્યારે જ અમે સો ટકા સંતુષ્ટ થશું.

કોસાડીનો ગૌવંશના ગુનાનો આરોપી ઝડપાયો

પલસાણા: સુરત એલસીબી ટીમે માંગરોળ પોલીસ સ્ટેશન વિસ્તારના ગૌમાંસ અને ગૌવંશના ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો. LCB PI એન.જી.પાંચાણી અને PSI જે.એલ.પટેલની ટીમના અ.હે.કો. અમૃતભાઈ અને કાર્તિકગીરીને મળેલી બાતમીના આધારે કોસાડી ગામના પાટિયા પાસેથી ૨૪ વર્ષીય આરોપી અબ્દુલ રહેમાન અહમદ તાડવાલા (રહે.,કોસાડી, માંગરોળ)ની અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ હેઠળ નોંધાયેલા ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી આરોપીને પલસાણા પોલીસ સ્ટેશન ખાતે સુપરત કર્યો છે.



સંક્ષિપ્ત સમાચાર

હથોડા, વેલાછા, કઠવાડા, શેઠી ગામના જરૂરતમંદોને ધાબળાનું વિતરણ

હથોડા: વેલાછાના વતની અને વ્યાપાર ધંધા અર્થે સુરત ખાતે સ્થાયી થયેલા ઉદ્યોગપતિ વિમલભાઈ જૈન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શિયાળાની શરૂઆત થતાં જ હથોડા, કઠવાડા, વેલાછા, શેઠી વગેરે ગામના જરૂરતમંદ લોકોને ઠંડીથી રક્ષણ મેળવવા માટે ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિમલભાઈ જૈન તેમજ તેમનો પુત્ર અને વેલાછાના ડેપ્યુટી સરપંચ શૈલેષભાઈએ સાથે રહી આદિવાસી વિસ્તાર સહિત જરૂરતમંદ વ્યક્તિઓને 250થી વધુ ધાબળાઓનું વિતરણ કરતા શિયાળાની શરૂઆત અને ઠંડીમાં ગરીબ મધ્યમ વર્ગના લોકોને રાહત મળી છે. વિમલભાઈ જૈન પોતાના માદરે વતન વેલાછા સહિત વિસ્તારના આ ગામડાંમાં દર વર્ષે આપત્તિના સમયે તેમજ શિયાળામાં ગરીબ જરૂરતમંદ લોકોને મદદ કરતા હોય છે.


ઈલ્યાસ શેખ

સઠવાવ ગામમાં સિનિયર સિટિઝન્સને સહાય

માંડવી: કેન્દ્ર સરકારના હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.(હુડકો) અને એલિમ્કોના ઉપક્રમે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ફંડ હેઠળ સાંસદ પ્રભુભાઈ વસાવાના હસ્તે માંડવી, ઉમરપાડા તથા માંગરોળ તાલુકાના ૩૭૪ સિનિયર સિટિઝન્સને માંડવીના સઠવાવ આશ્રમ શાળા ખાતે 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' અંતર્ગત રૂ.૩૩.૨૬ લાખના ખર્ચે દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકોને ઉપયોગી એવા સહાયક ઉપકરણોનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એલિમકો ઈન્ડિયાના (ગુજરાત) મુદ્દુલભાઈ અવસ્થી, માંડવી નગરપાલિકાનાં પ્રમુખ અમિષાબેન રાઠોડ, માંગરોળ તા.પં.નાં પ્રમુખ સંગીતાબેન ગામીત, ઉમરપાડા તા.પં.નાં પ્રમુખ સપનાબેન વસાવા, અરેઠ તા.પં. પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, માંડવી તા.પં. પ્રમુખ શારદાબેન વસાવા, સમાજ સુરક્ષા વિભાગ-સુરતના નાયબ નિયામક ભાર્ગવીબેન નિનામા, હૂડકો ગુજરાતના ડિવિઝનલ ચીફ વિમલકુમાર શર્મા, આસિ. જનરલ મેનેજર હર્ષદભાઈ પારેખ, સઠવાવ શાળા પ્રિન્સિપાલ કાંતિલાલભાઈ, સામાજિક અગ્રણી લાલજીભાઈ પટેલ, નિવૃત્ત અધિકારી અમરતભાઈ ટેલર, અધિકારી-કર્મચારીઓ, વરિષ્ઠ નાગરિકો, લાભાર્થીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.


વિનેશ પટેલ

નિઝરના સુમુલ શીત કેન્દ્રમાંથી 12 કિલો વજનવાળા અજગરનું રેસ્ક્યુ કરાયું



કુકરમુંડા: નિઝર તાલુકાના મુખ્ય મથક ખાતે આવેલા સુમુલ શીત કેન્દ્રમાંથી અંદાજે 12 ફૂટ લાંબો અજગર મળી આવતાં સ્નેક રેસ્ક્યુઅર વિશાલ પાડવીને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં નિઝરના કોઠલી ગામના સ્નેક રેસ્ક્યુઅર વિશાલ પાડવી સ્થળ પર પહોંચ્યા હતા અને સાવચેતીપૂર્વક અજગરનું રેસ્ક્યુ કર્યું હતું. રેસ્ક્યુ કરવામાં આવેલા રોક પાયથનનું વજન આશરે 12 કિલો અને લંબાઈ અંદાજે 12 ફૂટ હોવાનું જાણવા મળ્યું છે. રેસ્ક્યુ કર્યા બાદ અજગરને વન વિભાગની ટાવલી ઉચ્છલ રેન્જને સોંપવામાં આવ્યો હતો.

બરબોધનના લક્ષ્મીકાંતેશ્વર મહાદેવ મંદિરમાં ચોરી

સાયણ: ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના બરબોધન ગામે આવેલા લક્ષ્મીકાંતેશ્વર મહાદેવ મંદિરમાંથી તસ્કરો રૂ.૬૯,૦૦૦ મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બરબોધન ગામે શિવ ભક્તોની આસ્થાનું પ્રતીક લક્ષ્મીકાંતેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. આ મંદિરને ગત તા.૨૮મી ઓક્ટોબરે રાત્રિના સુમારે ચોરોએ નિશાન બનાવી લોખંડના સાધન વડે મંદિરનો દરવાજો તોડી મંદિરમાં ઘૂસ્યા હતા. આ ચોરોએ મંદિરમાં મૂકેલી દાનપેટી તોડીને આશરે ૧૦,૦૦૦ જેટલા રોકડા, મંદિરના ગર્ભગૃહમાં રહેલ આશરે ૨૦૦ ગ્રામ વજનની ચાંદીની ચરણ પાદુકા, જેની કિ.રૂ.૭,૦૦૦, આશરે ૧.૫ કિ.ગ્રા. વજનની ચાંદીની જલાધારી (કળશ), જેની આશરે કિ.રૂ.૫૨,૦૦૦ મળી કુલ રૂ.૬૯,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જોકે, ચોરીની આ ઘટના મંદિરમાં લગાવેલ સીસીટીવી કેમેરાની ફૂટેજમાં કેદ થઈ ગઈ હતી. આ બાબતે મંદિરનો વહીવટ કરતા પ્રમુખ અજયભાઈ કાંતિભાઇ પટેલે ઓલપાડ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઇસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ પીઆઇ સી.આર.જાદવ કરી રહ્યા છે.

સાયણની જીવનરક્ષા હોસ્પિટલમાં નિ:શુલ્ક નેત્રયજ્ઞ યોજાયો


વિનેશ પટેલ

સાયણ: સ્વર્ગસ્થ ધર્મપત્ની શિલ્પાબેનની પવિત્ર સ્મૃતિને ચિરંજીવ રાખવાના ઉમદા ભાવ સાથે ઓલપાડ તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા અને જીવનરક્ષા હોસ્પિટલ ટ્રસ્ટ, સાયણના મંત્રી કિરીટભાઈ જયંતિભાઈ પટેલ (ગામ-સ્યાદલા)ના સહયોગથી જીવનરક્ષા હોસ્પિટલ ખાતે તા.૧/૧૧/૨૦૨૬ના રોજ નિ:શુલ્ક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞમાં મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ દર્દીઓએ નિ:શુલ્ક આંખોની તપાસ, દવાઓ અને નેત્ર-સારવારનો લાભ લીધો હતો.

ઉમરપાડાના સેલવાણ ગામના ખેતમજૂર સાથે રૂ.૮૨,૪૦૦ની ઠગાઈ

વાંકલ: ઉમરપાડાના સેવલાણ ગામે રહેતા ૪૩ વર્ષીય સુંદરભાઈ દામજીભાઈ વસાવા ઓનલાઈન સાયબર ફ્રોડનો શિકાર બન્યા હતા. અજાણ્યા ઈસમે ટેક્નોલોજીનો ઉપયોગ કરી ફરિયાદીની જાણ બહાર તેમનાં બે જુદાં જુદાં બેંક એકાઉન્ટમાંથી કુલ રૂ.૮૨,૪૦૦ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી હતી. ગત તા.1 જૂન-2026ના રોજ ફરિયાદીના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી રૂ.૭૬,૦૦૦ અને 3 જૂનના રોજ બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૬,૪૦૦ અન્ય ખાતાઓમાં ગેરકાયદે રીતે ટ્રાન્સફર થઈ ગયા હતા. આ બનાવ અંગે સુંદરભાઈએ શરૂઆતમાં સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી નાણાં પરત મળવાની રાહ જોઈ હતી. પરંતુ રકમ પરત ન મળતાં આખરે તેમણે ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઉમરપાડા પોલીસે અજાણ્યા આરોપી સામે બી.એન.એસ.એસ. (B.N.S.S.) તથા આઈ.ટી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નાની નરોલીમાં ૨.૮૨ લાખના દારૂ સાથે કારચાલક ઝડપાયો

કાર દારૂ લઈ દમણથી સુરત તરફ આવતી હતી

દારૂ મોકલનાર અને મંગાવનાર બે બુટલેગર વોન્ટેડ

પલસાણા: સુરત એલ.સી.બી.એ બાતમીના આધારે દમણથી સુરત તરફ આવતી એક કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી હતી અને અન્ય બેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

સુરત એલ.સી.બી.ને ખાનગી રાહે બાતમી મળી હતી કે, એક કાળા કલરની કાર નં.(GJ-05-RW-5043)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને દમણથી લાવવામાં આવી રહ્યો છે. આ કાર કીમ ટોલ પ્લાઝા પાસેથી પસાર થઈ કીમ તરફ જવાનો છે. આથી નાની નરોલી ગામની હદમાં નેશનલ હાઇવે નં.૪૮ના કટ પર વોચ અને નાકાબંધી ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની કાર આવતાં પોલીસે તેને અટકાવી તપાસ કરતાં ૧૨૪૮ નંગ વિદેશી દારૂ અને બિયરનાં ટીન જપ્ત કર્યાં છે, જેની કિ.રૂ.૨,૮૨,૦૬૮ આંકવામાં આવી છે. ઉપરાંત રૂ.૧૨ લાખની અલ્ટાઝાર કાર, રોકડા રૂ.૨૦૦ અને ૫૦૦૦ રૂપિયાનો એક મોબાઇલ ફોન મળી કુલ રૂ.૧૪,૮૭,૨૬૮નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. આ કેસમાં પોલીસે કાર ચાલક જતીન ઉર્ફે સાગર ગણપતભાઈ પટેલ (રહે.,રામેશ્વર પાર્ક સોસાયટી, ઓલપાડ, જિ.સુરત)ની ધરપકડ કરી હતી. જ્યારે આ દારૂનો જથ્થો ભરાવી મોકલનાર ઓલપાડના મિર્જાપુરના સંજયભાઈ બાબુભાઈ દેવીપૂજક અને દારૂ ભરેલી કાર લેવા આવનાર સંજયભાઈના અન્ય એક માણસને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.


ઈલ્યાસ શેખ

આગામી દિવસોમાં દિવાળીના તહેવારો આવી રહ્યા હોવાથી દારૂની માંગ વધવાની શક્યતાને પગલે બુટલેગરો સક્રિય થયા છે. દમણથી સુરત અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે દારૂ ઘુસાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે સુરત ગ્રામ્ય પોલીસ અને એલ.સી.બી. દ્વારા હાઇવે તેમજ આંતરિક રસ્તાઓ પર રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ અને નાકાબંધી કરી આવાં તત્ત્વોના મનસૂબા પર પાણી ફેરવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

'અગાઉના ઇલેક્શનમાં તેં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, ધ્યાન રાખજે'

પાલોદમાં યુવાનને સરાજાહેર ધમકાવીને વાતાવરણ કહોળવાનો પ્રયાસ

સંજય વર્માને ધમકી આપનાર શહઝાદ શેખની અટકાયત

હથોડા: પાલોદ વિસ્તારમાં જૂની ચૂંટણીની અદાવત અને વાહન સાઈડમાં લેવા જેવી બાબતે એક યુવકને ધમકાવતાં મામલો પાલોદ પોલીસ મથકમાં પહોંચ્યો છે. આ બનાવમાં પોલીસને લેખિત ફરિયાદ નોંધાવતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. એ સાથે ધમકી આપનાર શખ્સની અટકાયત કરી છે.

ઘટનાની વિગત અનુસાર પાલોદ ગામની ખંડશરી કોલોની ખાતે રહેતા 45 વર્ષીય સંજય જીયાલાલ વર્મા પોતાની મોટરસાઇકલ લઈને ઘરેથી કંપની જવા નીકળ્યા હતા. દરમિયાન પાલોદ ગામે જ રહેતો શાહજાદ હમીદ શેખ પોતાની ઈકો ગાડી લઈ પાછળથી આવી પહોંચ્યો હતો. મોટરસાઇકલની સાઈડ લેવા બાબતે શાહજાદે સંજય વર્મા સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી.

આ બોલાચાલી દરમિયાન શાહજાદે જૂની ચૂંટણીનો રાગ આલાપતા સંજય વર્માને ધમકી આપતા જણાવ્યું હતું કે, તેં અગાઉની ચૂંટણીમાં મહત્ત્વનો ભાગ ભજવેલ છે, હવે પછી આવનારી ચૂંટણીમાં ધ્યાન રાખજે. આ રીતે સરાજાહેર ધમકાવીને વાતાવરણ કહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અચાનક મળેલી આ ધમકી અને બોલાચાલી બાદ સંજય વર્માએ પાલોદ પોલીસ મથકે પહોંચી શાહજાદ હમીદ શેખ વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી હતી. લેખિત ફરિયાદના આધારે પાલોદ પોલીસે ગુનો નોંધી ધમકી આપનાર આરોપી શાહજાદ હમીદ શેખની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પલસાણાના જોળવામાં યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણા: જોળવા ગામના ઢીમ્મર ફળિયામાં રહેતા અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા એક યુવાને પોતાના ઘરમાં જ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જોળવા ગામના ઢીમ્મર ફળિયામાં રહેતા અને વેપાર કરતા દિનેશભાઈ નટવરભાઈ રાઠોડના ૩૧ વર્ષીય પુત્ર કેવીન રાઠોડે ગત ૧લી નવેમ્બરના રોજ સાંજના સાડા ચાર વાગ્યા પહેલાં પોતાના મકાનમાં સીલિંગ પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક કેવીન વ્યવસાયે ડ્રાઇવર તરીકે કામ કરતો હતો અને તેણે કયાં અગમ્ય કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે અંગે હજી સુધી કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. ઘટનાની જાણ મૃતકના પિતા દિનેશભાઈ રાઠોડે તે જ દિવસે રાત્રે સાડા આઠ વાગ્યે પલસાણા પોલીસ સ્ટેશનમાં કરતાં પોલીસે અકસ્માત મોત નોંધીને તપાસનો દોર શરૂ કર્યો છે.

માયપુર પાસે અજાણ્યા વાહને મોપેડને અડફેટે લેતાં વૃદ્ધનું મોત

વ્યારા: તાપીમાં સુરત-ધુલિયા ને.હા. નં.53 પર અજાણ્યા વાહને મોપેડને અડફેટે લઈ મોપેડને માણેકપુર સુધી ઘસડી જતાં 68 વર્ષીય વૃદ્ધ ચાલકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ગત તા.1-11-2026ના રોજ સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ મગજીભાઈ કેશાભાઈ ચૌધરી (ઉં.વ.68) (રહે.,બોરખડી સડક ફળિયું, તા.વ્યારા) મોપેડ નં.(GJ 26 AA 5065) પર જતા હતા. દરમિયાન માયપુર ગામની સીમમાં બારડોલી તરફ જતાં રોડ પર કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી લાવી મોપેડને ટક્કર મારતાં ઈજા થતાં વૃદ્ધ મગજીભાઈને હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે વ્યારા પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલી વોર્ડ-૬નાં કોર્પોરેટરની ચૂંટણીના સોગંદનામાનો વિવાદ

મહિલા કોર્પોરેટરે ચૂંટણી સોગંદનામામાં મિલકત, આવક અને લાયકાતની માહિતીઓ છુપાવ્યાનો આક્ષેપ

બારડોલી: બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.૬નાં કોર્પોરેટર સ્વાતિબેન પિનલકુમાર પટેલ સામે ચૂંટણી પંચમાં ગંભીર ફરિયાદ નોંધાતાં સ્થાનિક રાજકારણ ગરમાયું છે. સુરતના અરજદાર શેખ સોહેલ અશફાકે રાજ્ય ચૂંટણી કમિશનરને લેખિતમાં જણાવ્યું છે કે, કોર્પોરેટરે પોતાના ચૂંટણી સોગંદનામામાં મિલકત, આવક અને લાયકાતની અગત્યની માહિતીઓ જાણીજોઈને છુપાવી છે. ફરિયાદમાં મુખ્યત્વે શૈક્ષણિક લાયકાત અને સંપત્તિના આંકડાઓને લઈને સવાલો ઊભા કરાયા છે. સોગંદનામામાં સ્વાતિબેને પોતાની લાયકાત LLM-1 દર્શાવી છે અને શાળા-કોલેજનાં નામ ટાળ્યાં છે, જ્યારે તેમના સત્તાવાર લેટરપેડ પર Advocate અને કાયદાની પૂર્ણ ડિગ્રીઓ (B.A., LL.B., LL.M.) છાપવામાં આવી છે. નોંધનીય છે કે, બારડોલી વકીલમંડળના સત્તાવાર પત્ર મુજબ તેઓ મંડળના નોંધાયેલા સભ્ય પણ નથી. મિલકતની વાત કરીએ તો, સોગંદનામામાં પતિ-પત્નીના નામે કુલ ૧૧૦ તોલા સોનું અને ૫ વાહન હોવાની કબૂલાત છે, પરંતુ ચૂંટણી પંચના નિયમ મુજબ તેનું બજાર મૂલ્ય જાહેર કરાયું નથી. વધુમાં ઉમેદવારના નામે રૂ.૩૭ લાખની ફિક્સ ડિપોઝિટ અને બંને પાસે મળીને ૯ લાખ રૂપિયા જેટલી માતબર રોકડ રકમ હાથ પર હોવા છતાં, કોઈપણ બેંકના બચત કે ચાલુ ખાતાની સિલક દર્શાવવામાં આવી નથી તેમજ આવકવેરા પત્રકની માહિતી અધૂરી રખાઈ છે. આધારકાર્ડ (જન્મતારીખ તા.૩/૧૧/૧૯૮૧) અને સોગંદનામા વચ્ચે ઉંમરમાં (૪૪ વર્ષ વિરુદ્ધ ૪૨ વર્ષ) તથા રહેઠાણના સરનામામાં પણ મોટો તફાવત જોવા મળ્યો છે. આ તમામ ૧૨ જેટલી વિસંગતતાઓને ટાંકીને અરજદારે માંગ કરી છે કે આ બાબતે ૩૦ દિવસમાં સઘન તપાસ થવી જોઈએ. જો આ માહિતી ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી સાબિત થાય, તો કોર્પોરેટર સામે ભારતીય ન્યાય સંહિતાની જોગવાઈઓ હેઠળ ફોજદારી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

કામરેજમાં આર્મ્સ એક્ટના ગુનાનો આરોપી ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે કામરેજ પોલીસ સ્ટેશનના આર્મ્સ એક્ટના ગુનામાં છેલ્લાં બે વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

LCB PI એન.જી. પાંચાણી અને તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓની શોધખોળમાં હતી. દરમિયાન ASI રોહિતભાઈ અને હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈને બાતમી મળી હતી કે, વોન્ટેડ આરોપી ગુલજાર પઠાણ કામરેજના દાદા ભગવાન મંદિર પાસે ઊભો છે.

બાતમીના આધારે પોલીસે દરોડો પાડી મૂળ યુ.પી. અને હાલ અમદાવાદ સંજરીનગર સામે રહેતા ગુલજારખાન મોહમ્દ મુસ્તકીમ પઠાણ (ઉં.વ.૩૫)ને ઝડપી લીધો હતો.


ઈલ્યાસ શેખ

પ્રાથમિક પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરતાં આગળની કાર્યવાહી માટે કામરેજ પોલીસ સ્ટેશને સોંપવામાં આવ્યો છે.

વાલોડમાં ઉનાળુ જળસંકટ ઉકેલવા માસ્ટર પ્લાન રચાશે

વાલોડના ગણેશ મંદિર ખાતે કાલે બેઠકનું આયોજન

વાલોડ: વાલોડ તાલુકામાં દર વર્ષે ઉનાળામાં પાણીની સમસ્યા સર્જાતી હોય છે. જેને લઇ મહિલાઓએ દૂર દૂરથી પાણીનાં બેડાં લાવવા મજબૂર બનતી હોય છે. ત્યારે આ વર્ષે વાલોડ તાલુકા પંચાયત અને ધારાસભ્ય દ્વારા આ સમસ્યા દૂર કરવા માટે આગોતરું આયોજન કરવા માટે એક મહત્ત્વની બેઠક યોજવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડ તાલુકામાં પીવાના પાણીને લઇ ભારે સમસ્યા સર્જાતી હોય છે. જેને લઇ વાલોડ તાલુકાના પ્રજાજનો મુશ્કેલીનો સામનો કરે છે, જેમાં વાલોડ તાલુકાના તમામ સરપંચો તેમજ તાલુકા પંચાયતના સભ્યો અને કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા વિભાગ અને યુનિટ મેનેજર વાસ્મો, તાપી વ્યારાના અધિકારીઓ હાજર રહી ગ્રામ્ય લેવલે પાણીને લગતી ખૂટતી સુવિધાઓનું આયોજન કરશે. જેથી આ વિસ્તારમાં પાણીની સમસ્યા ટૂંક સમયમાં દૂર કરવાના પ્રયાસો હાથ ધરાશે.

બારડોલીના ઉતારામાં ખેતરમાંથી ૧૧ ફૂટ લાંબો અજગર ઝડપાયો

બારડોલી: બારડોલીના ઉતારા ગામમાં રાત્રિના સમયે ખેતરમાંથી મહાકાય અજગર મળી આવતાં થોડીવાર માટે ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, એનિમલ રેસ્ક્યુ ટીમની સમયસૂચકતાથી અજગરને સહીસલામત પકડીને જંગલમાં મુક્ત કરવામાં આવ્યો છે.

ઉતારા ગામના નરેશભાઈ રાત્રિના સમયે પોતાના ખેતરમાં પાણી વાળી રહ્યા હતા. દરમિયાન ખેતર પાસે અચાનક કંઈક ચહલપહલ થવાનો અવાજ આવતાં તેમણે બેટરીનો પ્રકાશ ફેંક્યો હતો. બેટરીના અજવાળામાં એક વિશાળકાય અજગર નજરે પડતાં તેઓ ચોંકી ઊઠ્યા હતા. નરેશભાઈએ



સહેજ પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડનો સંપર્ક કરી આ ઘટનાની જાણ કરી હતી.

માહિતી મળતાની સાથે જ જતીન રાઠોડ, હર્ષવર્ધન રાઠોડ અને કિરણ રાઠોડ તાત્કાલિક ઉતારા ગામે દોડી ગયા હતા. આ ટીમે ભારે જહેમત ઉઠાવીને ૧૧ ફૂટ લાંબા અને અંદાજિત ૪૫ કિલો વજન ધરાવતા આ મહાકાય અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેને સહીસલામત પકડી લીધો હતો. ત્યારબાદ વન વિભાગે આ અજગરને તેના પ્રાકૃતિક નિવાસસ્થાન એવા ગાઢ જંગલમાં સુરક્ષિત રીતે છોડી મૂક્યો હતો. જીવદયા પ્રેમીઓની આ કામગીરીને પગલે ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.